
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




હે રામ... હમણા બધા જગન્નાથજી પાછળ લાગ્યા છે... તમારા મંદિરનું પછી વિચારશે તેવું લાગે છે...!!

# સે-૨૬ જી.આઈ.ડી.સી. ખાતેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ જીઆઈડીસી વિસ્તારમાંથી બાઈકની ઉઠાંતરી થવા પામી છે. જીઆઈડીસીના પ્લોટ નં. ઈ-૧૩૨ ની બહાર માર્ગની સાઈડમાંથી ગત તા.૨૯ ના રોજ સવારે ૯ થી ૧૨ વાગ્યાના અરસામાં યુવકનું બાઈક ચોરાયું છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અમીનપુરા ગામના અને ગાંધીનગર શહેરના સેકટર-૨૬ પ્લોટ નં.૫૫૧ ખાતે રહેતો મયુર કિશોરભાઈ પટેલ (ઉં.વ.૨૯) છેલ્લા પાંચ વર્ષથી ગાંધીનગર શહેરમાં વસવાટ કરે છે. મયુર સેકટર-૨૬ જીઆઈડીસી ખાતે પ્લોટ નં.ઈ-૧૩૨ ખાતે આવેલ મેમટ્રોન પ્રોડકટ કંપનીમાં ડીઝાઈનર તરીકે છેલ્લા ચાર વર્ષથી નોકરી કરે છે. મયુર કંપની થી ઘરે આવન જાવન માટે રોજ પોતાના બાઈક નં. જી.જે.૯.સીએફ-૬૬૩૭નો ઉપયોગ કરતો હતો.

ગત તા. ૨૯ ના રોજ મયુર બાઈક લઈને જીઆઈડીસી ખાતે સવારે ૯ વાગે આવ્યો હતો. ત્યારબાદ કંપનીની સામે રોડની સાઈડમાં પાર્ક કર્યું હતું, જયારે બપોરે ૧૨.૩૦ કંપનીમાંથી બહાર નીકળીને મયુરે જોયું તો પોતાનું બાઈક પાર્ક કરેલી જગ્યાએ ન હતું. તેને આસપાસ તેમજ શહેરમાં ખાનગી રીતે તપાસ કરી પરંતુ બાઈક ન મળી આવતા આખરે સેકટર૨૧ પોલીસ મથકે હીરો હોન્ડા ડીલકક્ષ કિં.૨૦ હજારના બાઈક ગુમ થયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અષાઢી બીજે વાવોલમાં ત્રીજી રથયાત્રા યોજાશે

ગાંધીનગરના વાવોલ ગામે અષાઢી બીજના પવિત્ર દિવસે ભગવાન શ્રી જગન્નાથજીની ત્રીજી રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રથયાત્રા વાવોલના સાંઈબાબા મંદિરેથી સવારે ૮ કલાકે નિકળી સોસાયટી વિસ્તાર તથા ગામના વિવિધ લત્તામાં ભ્રમણ કરી સાંજે ૬.૩૦ કલાકે પરત ફરશે.

વાવોલમાં છેલ્લા ત્રણ વર્ષથી રથયાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે રથયાત્રાના પ્રારંભે ગામના અગ્રણી કચરાજી ગોલ આરતી કરી રથયાત્રાને પ્રસ્થાન કરાવશે. રથયાત્રાનું આયોજન દેવ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા કરવામાં આવે છે. રથયાત્રાનો પ્રારંભ સવારે સાઈબાબા મંદિરથી થશે જે 'ક'રોડ તરફની સોસાયટી વિસ્તાર થઈને પછી ગામ વિસ્તારમાં પ્રવેશ કરશે. આ પછી ગામના વિવિધ વિસ્તારો તથા લત્તામાં ફર્યા પછી ઉવારસદ રોડ પરના સોસાયટી વિસ્તારમાં પણ ફરશે અને ત્યારબાદ સાઈબાબા મંદિરે પરત ફરશે. રથયાત્રાનો રૂટ વાવોલના સમગ્ર સોસાયટી વિસ્તાર અને ગામના તમામ વિસ્તારને આવરી લેતો નિયત કરાયો છે જેથી તમામ ગ્રામજનો અને સોસાયટી વિસ્તારના રહીશો દર્શનનો લ્હાવો મેળવી શકે.

# જિલ્લામાં બે વર્ષમાં બળાત્કારની ૨૬ તો લૂંટની ૭૩, હત્યાની ૩૭ ઘટના નોંધાઈ

ગાંધીનગર, તા.૨

ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગર શહેર સહિતના શહેરમાં રોજ બરોજ ગુનાખોરીનું પ્રમાણ વધી ગયું છે. ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં ૭૩ લુંટ, ૧૦ ધાડ, ૩૭ હત્યા, ૩૬૭ મારામારી અને ૨૬ બળાત્કાર, ૬૬ છેડતી,૧૬૮ અપહરણના ગુના પોલીસ ચોપડે નોંધાયા છે. મંગળવારના રોજ વિધાનસભાના પ્રથમદિવસે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે પુછેલા સવાલના જવાબમાં આ વિગતો બહાર આવી છે. જેમાં ગાંધીનગર જિલ્લામાં લુંટ, ધાડ, હત્યા, અપહરણ, બળાત્કાર, મારમારી, હત્યાનો પ્રયાસ જેવા ગુનાઓમાં બે વર્ષમાં ૩૦૧૯ આરોપીની ધરપકડ કરવામાં આવી છે, તો ૯૧ આરોપીઓ હજુ સુધી પોલીસ પકડથી દુર છે.

| પોલીસ સ્ટેશન | લૂંટ | ધાડ | ખૂન | મારામારી | બળાત્કાર |
|---|---|---|---|---|---|
| સેક્ટર-૨૧ | ૫ | ૦ | ૦ | ૩૭ | ૪ |
| સેક્ટર-૭ | ૧૨ | ૦ | ૩ | ૨૫ | ૫ |
| ડભોડા | ૨ | ૦ | ૪ | ૨૧ | ૧ |
| પેથાપુર | ૧ | ૧ | ૨ | ૫૦ | ૧ |
| દહેગામ | ૨ | ૨ | ૫ | ૨૯ | ૧ |
| રખિયાલ | ૦ | ૦ | ૧ | ૧૯ | ૦ |
| ચિલોડા | ૬ | ૦ | ૩ | ૧૬ | ૨ |
| ઈન્ફોસીટી | ૭ | ૦ | ૩ | ૧૧ | ૧ |
| અડાલજ | ૧૨ | ૨ | ૬ | ૧૩ | ૩ |
| માણસા | ૬ | ૧ | ૩ | ૪૯ | ૩ |
| કલોલ શહેર | ૮ | ૪ | ૨ | ૨૭ | ૧ |
| કલોલ તાલુકા | ૯ | ૦ | ૪ | ૪૬ | ૨ |
| સાંતેજ | ૩ | ૦ | ૧ | ૨૪ | ૧ |
| મહિલા | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| કુલ | ૭૩ | ૧૦ | ૩૭ | ૩૬૭ | ૨૬ |



ગાંધીનગર સિવિલ ખાતે હાલ વર્ષ ૨૦૧૯-૨૦ના મેડિકલ કોર્ષના એડમિશનની પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં સંપૂર્ણ સ્ટાફ ખડે પગે વિદ્યાર્થીઓને મદદ અર્થે કાર્યરત છે.

# આજે રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરનો પદગ્રહણ સમારોહ યોજાશે

### પ્રમુખ તરીકે ડો. અંકુર પરમાર અને સેક્રેટરી તરીકે પાર્થ ઠક્કર પદગ્રહણ કરશે


ગાંધીનગરની જાણીતી સામાજીક સંસ્થા રોટરી કલબ ઓફ



કેપિટલ, ગાંધીનગરનો પદગ્રહણ સમારોહ આજ રોજ ગાંધીનગર ખાતે યોજવામાં આવનાર છે. જેમાં સંસ્થાના ૨૦૧૯-૨૦ના વર્ષ માટે પ્રમુખ પદે જાણીતા ડેન્ટીસ્ટ ડૉ. શ્રી અંકુર પરમાર તેમજ સેક્રેટરી પદે વરિષ્ઠ પત્રકાર શ્રી પાર્થ ઠક્કર શપથવિધિ લેશે.

આ શપથવિધિ સમારોહમાં ચીફ ગેસ્ટ તરીકે શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી (પૂર્વ ગૃહ મંત્રીશ્રી, ગુજરાત સરકાર), સન્માનીય મહેમાન તરીકે શ્રી ડૉ. એસ. કે. નંદા (ઈન્ડી. ડાયરેક્ટર, હુડકો - નવી દિલ્હી), ઈન્સ્ટોલેશન ઓફિસર રોટે. અરૂણભાઈ પરીખ (પાસ્ટ ડીસ્ટ્રીકટ ગર્વનર-૩૦૫૪), ઈન્ડકશન ઓફિસર શ્રી ઉર્મિદ વેદ (આસી.ડીસ્ટ્રી. ગર્વનર-૩૦૫૪) ખાસ ઉપસ્થિત રહેશે.

રોટરી કલબ ઓફ કેપિટલ ગાંધીનગરની ૨૦૧૯-૨૦ના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ તેમજ સદસ્યો તરીકે ઈમી. પા.પ્રેસી. શ્રી બી. કે. ચાવડા, પ્રેસી. ઈલે. ઈલાબેન વોરા સહિત ચંદ્રપ્રકાશ શર્મા, હસમુખ મેકવાન, મનોજભાઈ સરૈયા, અરવિંદ રાણા, જગતભાઈ કારાણી, દક્ષેશ વ્યાસ, ડૉ. વિપુલ ચૌહાણ, મિતાબેન ઉપાધ્યાય, ડૉ. એસ. કે. નંદા, યુવરાજસિંહ વાઘેલા,



અભેરાજ ચૌધરી, અરવિંદ પટેલ, દીપ્તીબેન સબાપરા, જયશ્રીબેન ખેતિયા, નરેશભાઈ પ્રજાપતિ, સોનાલી પરમાર શપથ ગ્રહણ કરશે. આ પદગ્રહણ સમારોહમાં વિવિધ રોટરી કલબના પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહેશે.

# પ્રથમ નજરે અંદાજપત્ર.....

- ભારત સરકારે રાજ્યના ૨૮ લાખ ખેડૂતોને સહાયના પ્રથમ બે હપ્તા પેટે ૧૧૩૧ કરોડ ચુકવ્યા
- નર્મદા યોજના માટે ૬૫૯૫ કરોડની ફાળવણી કરવામાં આવી
- સ્ટેચ્યુ ઓફ યુનિટીના સંકલિત વિકાસ માટે ૨૬૦ કરોડની ફાળવણી કરીને વિકાસને પ્રાથમિકતા આપવામાં આવી
- માઈક્રો ઈરિગેશનના વ્યાપને વધારીને ૧૮ લાખ હેક્ટર વિસ્તાર આવરી લેવાશે
- ૨૦૨૨ સુધી તમામ વિસ્તારમાં નળ દ્વારા શુદ્ધ પાણી પહોંચશે
- ૧૫ લાખ યુવાનોને રોજગારી મળે તે માટે ૩૧૮૭૭ કરોડની લોન અપાશે
- જે ખેડૂતોએ ખેતીવાડી વિજ જોડાણ માટે અરજી કરી છે તેમાંથી ૧૨૫૦૦૦ ખેડૂતોને ચોથી જુલાઈના દિવસે વિજ જોડાણ આપી દેવાશે
- ઉદ્યોગોના પ્રદૂષિત પાણીને શુદ્ધ કરી પાણી ઉંડા દરિયાના નિકાલ માટે પીપીપી ધોરણે પાઈપલાઈન માટે ૨૨૭૫ ખર્ચાશે. આના માટે ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે ૧૦૮૦૦ કરોડની ફાળવણી કરીને ગરીબોને પ્રાથમિકતા
- આયુષ્યમાન ભારત યોજના હેઠળ ૪.૯૦ લાખ નાગરિકોને ૮૧૮ કરોડ ચુકવાયા
- સરકારી અને અન્ય હોસ્પિટલો માટે પણ જંગી જોગવાઈ કરવામાં આવી
- નવી ૭૫૦ એમબીબીએસ બેઠકો માટે ૮૦ કરોડની ફાળવણી કરાઈ
- ૧૦૮ની નવી એમ્બ્યુલન્સ માટે ૧૮ કરોડની જોગવાઈ કરાઈ
- શિક્ષણના સર્વગ્રાહી વિકાસ માટે ૩૦૦૪૫ કરોડની ફાળવણી કરી પ્રાથમિકતા
- અન્ન ત્રિવેણી યોજના માટે ૧૦૧૫ કરોડ, બાળકોની ફી, યુનિફોર્મ, બૂટ, સ્કુલ બેગ માટે ૩૪૧ કરોડ
- સરકારી કોલેજ અને યુનિવર્સિટી ભવન માટે ૨૦૬ કરોડ અને કોલેજના વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવા ૨૫૨ કરોડની ફાળવણી
- રાજ્યમાં પાંચ એરસ્ટ્રીક કાર્યરત છે
- સાબરમતી રિવરફ્રન્ટ ઉપર વિમાન ઉતરાણ શરૂ કરવા પાંચ કરોડના ખર્ચે વોટર એરોડ્રામ બનાવાશે
- સ્ટેચ્યુ ઓફ યુનિટીના એરિયલ વ્યૂ માટે એક કરોડ
- રાજ્યમાં સી-પ્લેન શરૂ કરવા વિશેષ આયોજન
- વહાલી દિકરી યોજના હેઠળ દિકરી પહેલા ધોરણમાં આવે ત્યારે ૪૦૦૦ અને નવમાં ધોરણમાં આવે ત્યારે ૯૦૦૦ રૂપિયા મળશે
- ૧૮ વર્ષની ઉંમર પુર્ણ કરે ત્યારે એક લાખની સહાયતા અપાશે
- આંગણવાડીમાં પુરક પોષણ માટે ૭૫૧ કરોડ અને વિધવા પેન્શન માટે ૩૭૬ કરોડ
- બંધ જાળવણી, નહેર માળખા સુધારણા, સહભાગી સિંચાઈ યોજનાના કામ માટે ૭૧૫૭ કરોડ
- સૌની યોજનામાં ત્રીજા તબક્કામાં ૨૨૫૮ કરોડના કામ પ્રગતિમાં
- કૃષિ યોજનાના અમલ માટે ૨૭૭૧ જગ્યાઓ ભરવામાં આવશે
- ખેડૂતોને ઝીરો ટકાના દરે પાક ધિરાણ માટે ૯૫૨ કરોડની જોગવાઈ કરાઈ
- ફુડ પ્રોસેસિંગ માટે પણ ઉલ્લેખનીય જોગવાઈ કરવામાં આવી
- મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર માટે ૨૮ કરોડની ફાળવણી કરવામાં આવી
- પાણી પુરવઠાની વિવિધ યોજનાઓ માટે ૪૩૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી
- ત્રણ વર્ષમાં ૬૦૦૦૦ કર્મચારીઓની ભરતી કરાશે
- ૭૦૦૦૦ સખી મંડળ બનાવાશે
- આગામી ત્રણ વર્ષમાં મુદ્રા યોજના હેઠળ ૫૦ લાખ લાભાર્થીઓને લાભ મળશે
- નવી સોલાર રુટટોપ યોજના હેઠળ ૧૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી
- સમરસ કુમાર છાત્રાલય માટે નવ કરોડની જોગવાઈ કરવામાં આવી
- ડાંગ, વલસાડમાં ઓર્ગેનિક ખેતી માટે રૂ.૧૫ કરોડ
- શાકભાજીના ધરૂ તૈયાર કરવા પંચમહાલ, નર્મદા, અરવલ્લીમાં સેન્ટર
- ૩ નવા સેન્ટર ઓપ એક્સલન્સ સ્થાપવા રૂ.૮ કરોડ
- ૧૨ દૂધાળા એવા ૪ હજાર ડેરી ફાર્મ માટે રૂ.૧૩૪ કરોડ
- ૪૬૦ ફરતા પશુ દવાખાના માટે રૂ.૪૭ કરોડની જોગવાઈ
- કરૂણા એનિમલ હેલ્પલાઈન માટે રૂ.૧૫ કરોડની જોગવાઈ
- દૂધ મંડળી, પશુપાલકોને સાધન ખરીદી માટે રૂ.૩૬ કરોડ
- સૌરાષ્ટ્ર, કચ્છના પશુપાલકો માટે રૂ.૨૫ કરોડની જોગવાઈ
- ગીર, કાંકરેજી ગાયના સંવર્ધન માટે રૂ.૩૮ કરોડ
- કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ રૂ.૩૩ કરોડની જોગવાઈ
- ખેડૂતોના વ્યક્તિગત ગોડાઉન બાંધકામ માટે રૂ.૧૧ કરોડ
- નીલ ક્રાંતિ યોજના અંતર્ગત રૂ.૬૫ કરોડની જોગવાઈ
- નવા બંદરોના વિકાસ માટે રૂ.૨૧૦ કરોડની જોગવાઈ
- ફિશીંગ બોટમાં માછીમારો માટે રૂ.૧૮ કરોડની જોગવાઈ
- માછીમારોને જીપીએસ માટે રૂ.૬૦ કરોડની જોગવાઈ
- ઝીંગા ઉછેરને પ્રોત્સાહન આપવા માટે રૂ.૯ કરોડ
- ઊકાઈ જળાશય સિંચાઈના લાભ માટે રૂ.૯૬૨ કરોડ
- ૩ મોટી ઉદ્વહન સિંચાઈ યોજના હાથ ધરાશે
- સોનગઢ, ઉમરપાડ, ડેડિયાપાડા પાઈપલાઈન માટે રૂ.૭૨૦ કરોડ
- અંબિકા નદીના વાઘરેચ પ્રોજેક્ટમાં રૂ.૩૭૨ કરોડની જોગવાઈ
- કાંકરાપાર – ગોરધા – વડ યોજનામાં રૂ.૨૪૫ કરોડની જોગવાઈ
- કરજણ જળાશય પાઈપલાઈન યોજના માટે રૂ.૨૨૦ કરોડ
- પાનમ કેનાલ સિંચાઈ યોજનામાં રૂ.૪૦ કરોડની જોગવાઈ
- સૂક્ષ્મ સિંચાઈ હેઠળ પ્રવૃતિઓ માટે રૂ.૭૫૦ કરોડની જોગવાઈ

# અડાલજ રેલ્વે ઓવરબ્રિજ નીચે ટ્રકની ટક્કરે એકટીવા ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીક આવેલા અડાલજ ત્રિ-મંદિર પાસે રેલ્વે ઓવરબ્રિજ નીચે ટ્રકની ટક્કરે એકટીવા ચાલકનું મૃત્યું નિપજયું છે. અમદાવાદ ખાતે રહેતો યુવક નંદાસણથી એકટીવા લઈને ઘરે પરત જઈ રહ્યો હતો. ત્યારે અજાણ્યા ટ્રક ચાલકે એકટીવાને ટક્કર મારતા યુવક નીચે પટકાયો હતો. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયો હતો. ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ રીફર કરવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમિયાન યુવકનું મૃત્યુંનિપજયુંહતું.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અમદાવાદ સાબરમતિ ડી કેબીન વિસ્તારમાં વારાહી સોસાયટીમાં રહેતો યુવક કિશન જગદીશભાઈ પોપટાણી સોમવારના રોજ કડી તાલુકાના નંદાસણ ખાતેથી પરત ફરી રહ્યા હતા. તે સમયે રાત્રીના પોણા નવ વાગ્યાના અરસામાં ત્રિ મંદિર પાસે અજાણ્યા ટ્રક જેવા વાહને એકટીવાને ટક્કર મારી હતી. જેથી એકટીવા પરથી કિશન નીચે પટકાયો હતો, જેથી કિશનને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ગાંધીનગર અને ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ રીફર કરવામાં આવ્યો હતો. જયા સારવાર દરમિયાન યુવકનું રાત્રીના સમયે મૃત્યું નિપજયું હતું. જયારે પતિ ૯ વાગ્યા હોવા છતા પતિ ઘરે ન આવતા કિશનના પત્ની મૌલિકાબેને ફોન કર્યો હતો જેને પગલે સામેથી ૧૦૮ ના કર્મચારીએ ફોન ઉપાડી અકસ્માત અંગે જાણ કરી હતી. જેથી તાત્કાલીક પાડોશમાં રહેતા યુવકના કાકા સાથે અમદાવાદ સિવિલ ખાતે પહોચ્યા હતા. યુવકના મૃત્યું ને પગલે કાકા જીતેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પોપટાણીએ અજાણ્યા વાહન ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આ અંગે વધુ તપાસ એએસઆઈ સંદિપ નાડીયાએ શરુ કરી છે.

# ચોરીના મોબાઈલ સાથે દાહોદના બે શખ્સો ઝડપાયા

કલોલ તાલુકાના રકનપુર ખાતે ગત તા.૩૦ એપ્રિલના રોજ રાત્રે ફેકટરીમાં થયેલી ચોરીનો ભેદ ગાંધીનગર એલસીબી પોલીસે ઉકેલી એક આરોપીને દબોચી લીધો છે. એલસીબીએ રાકેશ જેનુભાઈ ભુરીયા( રહે. ભેગામ ગરબાડા દાહોદ)ને પકડી પાડ્યો હતો. જેની પાસેથી ચોરીનો મોબાઈલ જપ્ત કરાયો છે. એલસીબીએ આરોપીના એક દિવસના રીમાન્ડ મેળવી બીજા આરોપીઓ મેઘજી બામણીયા રહે નવાનગર દાહોજ તેમજ મુકેશ પલાસીયા રહે. આંબલીયા ખજુરીયા દાહોદને પકડી પાડવા માટે તજવીજ હાથ ધરી છે.



## કોઠા પ્રાથમિક શાળામાં બાળમેળો યોજાયો

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં કોઠા ગામની પ્રાથમિક શાળામાં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાળમેળામાં બાળકોએ વિવિધ જીવનલક્ષી સ્વરોજગાર પુરી પાડતી પ્રવૃત્તિઓ યોજી હતી જેના થકી તેમની સુષુપ્ત શક્તિઓને ખિલવવાનો પ્રયાસ કરાયો હતો. બાળકોને ભવિષ્યમાં ઉપયોગી નિવડે તેવી પ્રવૃતિઓ સભર બાળમેળામાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો જે માટે શાળાના આચાર્ય સંજયભાઈએ બાળકોનો આભાર માન્યો હતો.

# સાયન્સ સીટી, અમદાવાદ ખાતે રોબોટીક ગેલરી કાર્યરત : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

### ૬૩ જેટલા રોબોર્ટનો વવિધ ક્ષેત્રે ઉપયોગ

ગાંધીનગર, તા. ૨

સાયન્સ એન્ડ ટકનોલોજી મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે, ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ થકી રોજીંદી કામગીરીમાં રોબર્ટનો ઉપયોગ થાય તે અંગે લોકોમાં જનજાગૃતિ સહિત માહિતી મળી રહે તે માટે સાયન્સ સીટી, અમદાવાદ ખાતે રૂ. ૨૯ કરોડથી વધુના ખર્ચે રોબોટીક ગેલરી કાર્યરત કરાઈ છે.

આજે વિધાનસભા ખાતે દશક્રોઈના ધારાસભ્ય બાબુભાઈ જમનાદાસ પટેલ દ્વારા અમદાવાદ ખાતે રોબોટીક ગેલરીના બાંધકામના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રી ચુડાસમાએ કહ્યું કે, સાયન્સ સીટી ખાતે રોબોટીક ગેલેરીનું બાંધકામ વર્ષ-૨૦૧૭થી શરૂ કરાયું હતું અને ગેલેરી કાર્યરત કરાઈ છે. સાયન્સ સીટી ખાતે રોબોર્ટનું નિદર્શન પણ આમ નાગરિકો માટે કરવામાં આવી રહયું છે. રાજ્યમાં ૬૩ જેટલા રોબોર્ટ કાર્યરત છે. જેના દ્વારા કૃષિ, બાંધકામ, તબીબી, કુદરતી આપત્તિ, ખનીજ તથા અન્ય માહિતી મેળવવા માટે ઉપયોગમાં લેવામાં આવી રહ્યો છે આગામી સમયમાં નવા રોબર્ટ પણ વિવિધ ક્ષેત્રે કાર્યરત થાય એવું રાજ્ય સરકારનું આયોજન છે.



## ચિલોડા હોમિયોપેથી દવાખાના ખાતે આયુર્વેદિક વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

વૃક્ષો એજ જીવન. વૃક્ષો વાવો-પર્યાવરણ બચાવોના સુત્રને સાર્થક કરવા ગ્લોબલ વોર્મિંગના પડકારને પહોંચી વળવા, માનવજીવન-પ્રાણીજીવ સૃષ્ટિને જીવનદાન મળે તેવા આશય સાથે વૃક્ષારોપણ દ્વારા જનજાગૃતિ અભિયાનને વેગવંત બનાવવા ચિલોડા સર્કલ પાસે આવેલા હોમિયોપેથી દવાખાના ખાતે ગામના સરપંચ દિનેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં આયુર્વેદિક રોપાઓ જેવા કે બોરસલી, ઉમટા, અરડુસી, નગોડ, લીમડો, પાનફુટી, ચંપો, ગુલમહોર, આસોપાલવ જેવા ગુણકારી ઔષધી રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણમાં પી.એલ.વી. નટુભાઈ પટેલ, ડૉ. ઘનશ્યામભાઈ પ્રજાપતિ, એએસઆઈ મોહનભાઈ, નરસિંહભાઈ પ્રજાપતિ હાજર રહ્યા હતા.

# ભગવાનનો ગર્ભગૃહમાં પ્રવેશ થયો : નેત્રોત્સવ વિધિ પરિપૂર્ણ

અમદાવાદ, તા.૨

છેલ્લા પંદર દિવસથી સરસપુર ખાતેના મોસાળમાં ગયેલા ભગવાન જગન્નાથજી આજે બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામ સાથે નિજ મંદિરે પરત ફરતાં ભારે આતુરતાપૂર્વક ભગવાનની રાહ જોઈ રહેલા હજારો શ્રધ્ધાળુ ભકતો ખુશીથી અને ભકિતસભર લાગણીમાં ઝુમી ઉઠયા હતા. વૈદિક મંત્રોચ્ચાર અને સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ સાથે ભગવાનનો ગર્ભગૃહમાં પ્રવેશ કરાવાયો હતો અને ભકિતસભર માહોલમાં તેમની નેત્રોત્સવ વિધિ સંપન્ન કરાઈ હતી. જેમાં ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામની આંખો પર પાટા બાંધવામાં આવ્યા હતા. હવે ભગવાનની આંખો પરથી આ પાટા રથયાત્રાના દિવસે મંગળાઆરતી પહેલાં ખોલવામાં આવશે. આજે ભગવાનના ગર્ભગૃહમાં પ્રવેશની સાથે હજારો શ્રધ્ધાળુ ભકતો દ્વારા જય જગન્નાથ..જય જગન્નાથનો જયઘોષ ગુંજી ઉઠતાં ભકિતનો માહોલ છવાઈ ગયો હતો.

આજે વહેલી સવારે જમાલપુર સ્થિત સુપ્રસિધ્ધ જગન્નાથજી મંદિર ખાતે જગન્નાથજી મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ અને ટ્રસ્ટી મહેન્દ્ર ઝા સહિતના મહાનુભાવોની હાજરીમાં ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામનો ગર્ભગૃહમાં પ્રવેશ કરાવાયો હતો અને તેમને આંખે પાટા બાંધવાની નેત્રોત્સવ વિધિ પૂર્ણ કરાઈ હતી. સરસપુર ખાતે મોસાળમાં મામાના ત્યાં ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામે ભારે મોજ કરવાની સાથે સાથે કેરીઓ વધુ પ્રમાણમાં આરોગવાના કારણે તેમને આંખો આવી ગઈ હતી અને તેની સારવારના ભાગરૂપે નેત્રોત્સવ વિધિ આજે સંપન્ન કરાઈ હતી, જેમાં ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામની આંખો પર પાટા બાંધવામાં આવ્યા હતા. ત્યારબાદ સવારે ૯-૩૦એ નેત્રોત્સવ વિધિ બાદ ધ્વજારોહણ વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાતના રાજયપાલ ઓમપ્રકાશ કોહલી અને મેયર શ્રીમતી બીજલબહેન શાહ ઉપસ્થિત રહ્યા હતા.